## ૨. જિનવલ્લભસૂરિ (ખ૦)

સં. ૧૧૬૭ લગભગ હયાત.

**(૨) [+] નવકાર માહાત્મ્ય** ૧૩ છપ્પા

**આદિ** – કિં કપ્પતરૂ રે અયાણુ ચિંતો મન ભિંતરિ,
કિં ચિંતામણિ કામધેનુ આરાહો બહુપરિ.
ચિત્રાવેલી કાજ કિસઇ દેસાંતર લંઘઈ,
રયણ-રાસિ કારણ કિસઈ સાયર લંઘઈ.
ચવદહ પૂરવ સાર જગે લધ્ધો એ નવકાર,
સયલ કાજ મહિયલ સરઈ, દુત્તર તરઈ સંસાર. ૧

**અંત** – અડ સંપય નવ પય સહિત ઈકસઠિ લઘુ અકખર,
ગુરુ અકખર સત્તેવિ એહ જાણઉ પરમકખર,
ગુરુ **જિણવલ્લભસૂરિ** ભણઈ બહુ સુકખહ કારણ,
નરય તિરિય બહુ રોગ સોગ ભય દુકખ-નિવારણ.
જલ થલ પવ્વય વણ ગહણ સમરણ હોઈ ઈક ચિત્ત,
પંચ પરમેટ્ઠિ મંત્રહ તણી, સેવા દેજ્યઉ નિત્ત. ૧૩

(૧) પ.સં.૨-૧૧, મુક્તિ.નં.૨૩૮૭. (૨) સં.૧૮૩૧ મગસિર વદિ ૨ રવિવાર પાલીતાણા નગરે પં. હર્ષધીરેણ સ્વહેતવે લિ. પ.સં. ૨, મુક્તિ.નં.૨૩૮૬.

[પ્રકાશિત : નમસ્કાર સ્વાધ્યાય ભા.૩.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૭૩. કૃતિની ભાષા મોડા સમયની જણાય છે. એ રીતે કર્તા ઉક્ત જિનવલ્લભસૂરિ માનવા કે કેમ એ વિચારવા જેવું છે.]

## ૩. પલ્હ

**(૩) + જિનદત્તસૂરિ સ્તુતિ** (ઐ.) ૧૦ ષટ્પદ

**આદિ** – જિણ દિટ્ઠઇં આણંદુ ચડઈ અઈ રહસુ ચઉગ્ગુણ,
જિણ દિટ્ઠઇં ઝડહડઈ પાઉ તણુ નિમ્મલ હુઈ પુણુ
જિણ દિટ્ઠઈ સુહુ હોઈ કટ્ઠુ પુવ્વુક્કિઉ નાસઈ,
જિણ દિટ્ઠઈ હુઈ સિદ્ધિ દૂરિ દારિદ્દુ પણાસઈ.
જિણ દિટ્ઠઈ હુઈ સુઈ ધમ્મમઈ અબુહહુ કાઈ ઉઈ ખહહુ,
પહુ નવફણ મંડિઉ **પાસ** જિણુ, **અજયમેરિ** કિન પિકખહુ. ૧

**અંત** – વકખાણિયઈ તં પરમ તત્તુ જિણુ પાઉ પણાસઈ,
આરહિયઈ ત **વીરનાહુ** કઇ **પલ્હુ** પયાસઇ.